**–:: નમુનો–અ ::–**

सत्यमेव जयते

## મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, જી. દેવભુમિદ્ધારકા.

## ચુકાદાની તા.૦૭/૦૪/૨૦૨૬

## ફોજદારી કેસ નં.૬૩૧/૨૦૨૫ આંક–૩૨

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ.કલમ–૧૧૫(૨),૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ–એ ગુ. ર. નં. ૧૧૧૮૫૦૦૩૨૫૦૨૦૧/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | (૧) નારણભાઈ વિરમભાઈ બારીયા, ઉ.વ.૩૮, ધંધો–ખેતી,<br>(૨) ટમુબેન વા/ઓફ વિરમભાઈ હેમરાજભાઈ બારીયા, ઉ.વ. ૫૮, ધંધો–ઘરકામ, રહે. બંને–રાવલગામ બારીયાધાર, તા. કલ્યાણપુર, જી. દેવભુમિદ્ધારકા. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી : | વિ.વ.શ્રી આર.એલ.વાઘેલા. |

**–:: નમુનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૧/૦૨/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૦૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૬/૦૬/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૭/૦૮/૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થવાની તારીખ | ૦૭/૧૦/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**-:: આરોપીની વિગત ::-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નારણભાઈ વિરમભાઈ બારીયા | -- | -- | બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૧(૨),૫૪ તથા જી.પી. એકટની કલમ -૧૩૫(૧) મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | ટમુબેન વા/ઓફ વિરમભાઈ હેમરાજભાઈ બારીયા | -- | -- | | નિર્દોષ | -- | -- |

**-:: નમુનો -(ક)::-**

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક-૦૮ | પંચ સાહેદ જેશાભાઈ રામાભાઈ સરવૈયાની જુબાની |
| (૨) | આંક-૧૦ | પંચ સાહેદ પોપટભાઈ સુકાભાઈ વાઘેલાની જુબાની |
| (૩) | આંક-૧૧ | ફરિયાદ મંજુબેન નારણભાઈ બારીયાની જુબાની |
| (૪) | આંક-૧૯ | સાહેદ ચનાભાઈ વિરાભાઈ ગામીની જુબાની |
| (૫) | આંક-૨૦ | સાહેદ મોતીબેન ચનાભાઈ ગામીની જુબાની |
| (૬) | આંક-૨૧ | સાહેદ દિનેશભાઈ ચનાભાઈ ગામીની જુબાની |

| | | |
|---|---|---|
| (૭) | આંક–૨૨ | સાહેદ વાલીબેન દિનેશભાઈ ગામીની જુબાની |
| (૮) | આંક–૨૩ | સાહેદ અરજણભાઈ ચનાભાઈ ગામીની જુબાની |
| (૯) | આંક–૨૬ | મેડીકલ ઓફિસર ડો. ધર્મેન્દ્રભાઈ ભીખાભાઈ લગારીયાની જુબાની |
| (૧૦) | આંક–૩૦ | ત. ક. અ. એ. એસ. આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાની જુબાની |

**અ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | આંક–૦૯ | આરોપીઓનું અટક પંચનામું |
| (૨) | આંક–૧૨ | ફરીયાદ |
| (૩) | આંક–૨૭ | એમ. એલ. સી. સર્ટીફીકેટ |
| (૪) | આંક–૩૧ | મે.ડી.એમ. સાહેબનું હથીયાર બંધીનું જાહેરનામું |

**–: ઠ રા વ :–**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:** ગઈ તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે રાવલ ગામે બારીયાધાર વિસ્તારમાં આરોપીના રહેણાંક મકાને ફરિયાદી–મંજુબેને આરોપી નં.(૧) સાથે ભાગીને પ્રેમ વિવાહ કરી આરોપીઓની સાથે તેના ઘરે રહેતા હતા તે દરમ્યાન અવાર–નવાર આરોપીઓ ફરિયાદીને હેરાન પરેશાન કરી ઢિકકા પાટુ તથા લાકડાના ધોકા વડે માર મારી તેમજ ફરિયાદીને ઘરમાંથી બહાર કાઢી અને ફરિયાદીને પાછી ઘરમાં આવીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ગુન્હામાં એક બીજાની મદદગારી કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ આપતા તે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૩૨૫૦૨૦૧/૨૦૨૫ થી ગુનો દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ ના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર

કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં,ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મૂલ્યે પૂરા પાડવામાં આવેલ. અત્રેની અદાલત દ્વારા આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવી આરોપીઓની અનુક્રમે આંક–૦૫ તથા આંક–૦૬ થી પ્લી લેતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપીઓ વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નમુના (ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓનું વિશેષ નિવેદન ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ અને જેમાં આરોપીઓએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તે સિવાય આરોપીઓએ સોગંદ ઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે આ કામે કોઈ બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી આર. એલ. વાઘેલાનાઓ તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૧/૦૨/૨૦૨૫ ના

રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે રાવલ ગામે આરોપીઓ ફરિયાદીને હેરાન પરેશાન કરી ઢિકકા પાટુ તથા લાકડાના ધોકા વડે માર મારી તેમજ ફરિયાદીને ઘરમાંથી બહાર કાઢી અને ફરિયાદીને પાછી ઘરમાં આવીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ગુન્હામાં એક બીજાની મદદગારી કરી મે. ડી.એમ. સાહેબના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે:

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદા નં.૧ :-**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિ:શંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ ધ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ

પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) ફરીયાદપક્ષે આરોપીઓને અટક કર્યા અંગેનું આંક–૦૯ વાળુ પંચનામું સાબિત કરવા તપાસેલ પંચોએ માત્ર તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. પંચનામાની વિગતોને કોઈ જ સમર્થન આપેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૧ થી ફરીયાદી મંજુબેન નારણભાઈ બારીયાને તપાસવામાં આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ બનાવ આશરે છ એક મહિના પહેલા બનેલો. તેણીના લગ્નજીવન દરમ્યાન સાસુ સસરા તથા પતિ તેણી સાથે અવાર નવાર ઝઘડો કરતા અને મેણા ટોણા મારતા. ત્યાર બાદ તેણી માવતરે આવી ગયેલ અને હાલની ફરીયાદ કરેલ, જે ફરીયાદ આંક–૧૨ થી રજુ કરેલ છે. બચાવપક્ષે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, આરોપીઓએ મને કોઈ માર કુટ કરેલ નથી. મારે મારા પતિ સાથે માત્ર સામાન્ય બોલચાલી થયેલી. મે આરોપીઓના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી કે હથીયાર વડે મને માર મારેલ નથી. હું હાલમાં મારા પતિના ઘરે નિર્ભયતાથી રહુ છુ, મને કોઈ જાનનું જોખમ નથી. આરોપીઓએ કેવા પ્રકારના મેણા ટોણા મારેલા તેવુ મારી ફરીયાદમાં સ્પષ્ટ જણાવેલ નથી. બનાવની કોઈ તારીખ કે સમય સ્પષ્ટ મારી ફરીયાદમાં જણાવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે ફરીયાદીના અન્ય સગા સંબંધીઓને તપાસવામાં આવેલ છે. જે તમામ સાહેદોએ ફરીયાદીની ફરીયાદ મુજબના બનાવને કોઈ સમર્થન આપેલ નથી.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ મેડીકલ ઓફિસર ડો. ધમેન્દ્રભાઈ ભીખાભાઈ લગારીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદીને સારવાર આપેલી જે સારવાર સર્ટી આંક–૨૭ થી રજુ કરે છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ

તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, આજરોજ રજુ કરેલ ઈન્જરી સર્ટીમા દર્દીએ બનાવ અંગેની હીસ્ટ્રી લખાવેલી નથી. દર્દીને થયેલી ઈજાઓ આકસ્મિક રીતે થઈ શકે તેવી તથા સામાન્ય પ્રકારની હતી.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૩૦ થી ત. ક. અ. એ. એસ. આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ હાલની તપાસ સંભાળી બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલ, તેમજ આરોપીને ધોરણસર અટક કરેલ, ત્યાર બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. ત્યાર બાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવી, આંક–૩૧ થી હથીયારબંધીનું જાહેરનામું રજુ કરેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, ફરીયાદીના સગા સંબંધી સિવાય અન્ય કોઈ તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર હોય આજુ બાજુમાં થી તટસ્થ સાહેદોના નિવેદનો આસાનીથી મળી શકે તેમ હતા. હાલના ફરીયાદીએ હાલના આરોપી ઉપર અન્ય કોઈ ફરીયાદ આજ દિન સુધી કરેલ નથી. ફરીયાદી સાહેદોને આરોપીઓએ કેવી ગાળો આપેલી તેવુ તેમના નિવેદનોમાં સ્પષ્ટ જણાવેલુ નથી. હાલના કામે ફરિયાદ મોડી કરવાનું કારણ ફરિયાદીએ જણાવેલ નથી.

(૧૪) આમ, ઉપર મુજબનો પુરાવો ધ્યાને લેતા જયારે ફરીયાદી જ પોતાની ફરીયાદને સમર્થન ન આપતાં હોય, તેવા સમયે અન્ય પુરાવાઓનું કોઈ મૂલ્ય રહેતુ નથી. તેમછતાં, હાલના કામે તમામ સાહેદોના પુરાવા વાંચીએ તો તમામે પોતાના પોલીસ રૂબરૂના નિવેદનોથી અલગ જ પુરાવા આપેલ છે. ફોજદારી કેસોમાં, પોલીસને આપેલા નિવેદનો અને કોર્ટમાં સોગંદ પર આપેલ જુબાની વચ્ચેની વિસંગતતા ફરીયાદી અથવા સાક્ષીની વિશ્વસનીયતા માટે હાનિકારક છે. ખાસ

કરીને જયારે તેઓ બનાવ સ્થળ, આરોપીઓના નામ, ઈજાઓની વિગતો અને હુમલામાં વાપરેલ હથિયારો જેવા નિર્ણાયક તત્વોથી સંબોધિત હોય તેવા સં જોગોમાં આવા તફાવતોની નજીકથી તપાસ કરવી જરૂરી છે. નાની અસંગતતાઓ અને ભૌતિક વિરોધાભાસ વચ્ચે તફાવત છે. એવા નિવેદનો કે જે કથિત ગુન્હાના મુળ સુધી જાય છે જેમ કે, આરોપીની ઓળખ, ગુન્હામાં વપરાયેલ હથિયારોની વિગત અથવા હુમલાની વિશિષ્ટતાઓ ખુબ જ મહત્વપૂર્ણ છે. આ તત્વોનો એકરૂપતાપૂર્વકનો ઉલ્લેખ કરવામાં નિષ્ફળતા એ ફરીયાદીના કેસની બહુ મોટી ખામી ગણી શકાય.

(૧૫) આવી વિસંગતતાઓના સંદર્ભે **Bhagwan Jagannath Markad v. State of Maharashtra [(2016) 10 SCC 537] માં, નામ. સુપ્રિમ કોર્ટે** અવલોકન કરેલ છે કે, "While appreciating the evidence of a witness, the court has to assess whether read as a whole, it is truthful. In doing so, the court has to keep in mind the deficiencies, drawbacks and infirmities to find out whether such discrepancies shake the truthfulness. Some discrepancies not touching the core of the case are not enough to reject the evidence as a whole. No true witness can escape from giving some discrepant details. Only when discrepancies are so incompatible as to affect the credibility of the version of a witness, the court may reject the evidence."

(૧૬) તે જ રીતે ફોજદારી કાયદામાં, પંચની જુબાની કયારેક પ્રતિકુળ થઈ શકે છે અથવા ફરીયાદીના કેસને સમર્થન આપવામાં નિષ્ફળ થઈ શકે છે. જો કે, જો ફરીયાદી સહિત અન્ય વિશ્ર્વસનીય સાક્ષીઓ, ફરીયાદપક્ષને સમર્થન આપતા સાતત્યપૂર્ણ અને વિશ્ર્વસનીય જુબાની પ્રદાન કરે, તો પણ પંચો

ના સમર્થન વગર પણ કેસ સાબિત થઈ શકે છે. વડી અદાલતોએ તેમના ઘણા ચુકાદાઓમાં ઠેરાવ્યુ છે કે, પંચ સાક્ષીઓ પ્રતિકુળ થઈ જવાથી ફરીયાદપક્ષનો કેસ આપમેળે નબળો પડી જતો નથી, **<u>પરંતુ શરત એ છે કે, અન્ય વિશ્વસનીય પુરાવા ઉપલબ્ધ હોવા જોઈએ.</u>** નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાઓમાં ઉપરોકત સિધ્ધાંતને ઠેરવેલ છે જેમાં, **Rameshbhai Mohanbhai Koli & Others v. State of Gujarat, (2011) 11 SCC 111** ના કેસમાં **નામ. ગુજરાત હાઈકોર્ટે** ઠેરવેલુ છે કે, "Merely because the panch witnesses have not supported the prosecution case or turned hostile, the evidence of other reliable witnesses, including investigating officers or complainant, can be sufficient to convict the accused, provided the evidence inspires confidence and proves the case beyond reasonable doubt."

(૧૭) આમ, ઉપરોકત ચુકાદાઓમાં જણાવ્યુ એમ, પંચ સાહેદોનુ સમર્થન ઈચ્છનીય છે, પરંતુ જો રેકર્ડ પરના અન્ય પુરાવાઓ વિશ્વાસપાત્ર હોય તો તે પંચોના સમર્થન વગર પણ ફરીયાદીનો કેસ સાબિત થઈ શકે, જેથી તેનું સમર્થન દરેક વખતે જરૂરી પણ નથી. એવા સંજોગોમાં આરોપીને દોષમુકત કરી શકાય નહિ. પરંતુ કોર્ટે ફરીયાદપક્ષના કેસની વિશ્વસનીયતા અને પર્યાપ્તતા નકકી કરવા માટે તેના સંપુર્ણ પુરાવાને ચકાસવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વડી અદાલતોએ વારંવાર ઠેરાવેલ છે કે, ફરીયાદપક્ષનો બોજ દરેક સાક્ષી પર આધાર રાખીને, પરંતુ પુરાવાના સાકલ્યવાદી અને સુસંગત સમુહને રજુ કરીને, વાજબી શંકાથી આગળના કેસને સાબિત કરવાનો છે. જો ફરીયાદીની જેમ અન્ય સ્વતંત્ર સાક્ષીઓની જુબાની વિશ્વસનીય, સુસંગત અને મોટા વિરોધાભાસોથી મુકત હોય, તો તે ઘણીવાર કેસ સાબિત કરવા માટે પુરતી માની શકાય છે. આમ, જયારે અન્ય નોંધપાત્ર તટસ્થ પુરાવાઓ ફરીયાદીની

ફરીયાદને સમર્થન આપતા હોય ત્યારે ફકત પંચો સમર્થન આપતા ન હોવાથી, ફરીયાદીનો સમગ્ર કેસ આપમેળે ખરાબ થઈ જતો નથી. પરંતુ હાલના કેસમાં ફરીયાદીના પુરાવાને અન્ય તટસ્થ સાક્ષીઓનું સમર્થન મળેલ નથી કારણકે હાલના કેસમાં નજરે જોનાર ફરીયાદીના ભાઈના પત્નિ વનિતાબેને હુમલાની અલગ જ હકીકત રેકર્ડ પર મુકેલ છે, તથા અન્ય સાહેદે ફરીયાદીના કેસને સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદીની ફરીયાદને તટસ્થ સાહેદોનું પુરી રીતે સમર્થન મળેલ નથી. જેથી હાલના કામે પંચો નું હોસ્ટાઈલ થવુ એ પણ ફરીયાદપક્ષના કેસ માટે ઘાતક જ છે.

(૧૮) વધુમાં, ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ ઉપર બી.એન.એસ. કલમ–૩૫૧(૨) મુજબના આક્ષેપો પણ કરેલા છે. જે સંબંધે આરોપો સિધ્ધ કરવા માટે ફરીયાદીએ ચોકકસ તત્વો સ્થાપિત કરવા આવશ્યક છે. કલમ–૩૫૧(૨) શાંતિના ભંગને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વકના અપમાનને સંબોધે છે. આ કલમ સાબિત કરવા માટે આરોપીઓએ ઈરાદાપૂર્વક ફરીયાદીને ઉશ્કેરવાના ઉદેશ્ય સાથે અપમાન કરેલુ હોય અને તેના લીધે જાહેર શાંતિનો ભંગ થયેલો હોવો જોઈએ. **Madhushree Datta v. State of Karnataka, 2025 INSC 105** ના કેસમાં **નામ. સુપ્રિમ કોર્ટે** ઠેરાવ્યુ કે, "mere use of abusive or insulting language without the intention or likelihood to provoke a breach of peace or cause public disorder does not fulfill the essential ingredients of Section 504." હાલના કેસમાં, ઉપરોકત ચુકાદાઅમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જુની આઈ.પી.સી. કલમ–૫૦૪, નવી બી. એન. એસ. કલમ–૩૫૧(૨) અંતર્ગત આરોપીઓને તકસીરવાન ઠેરાવવા માટે જે પ્રકારનો પુરાવો આવશ્યક છે જેમાં ઉદેશ્ય અથવા નોંધપાત્ર નુકસાન વિના માત્ર મૌખિક તકરાર રેકર્ડ પર આવવી ખુબ જ આવશ્યક છે, તે ફરીયાદપક્ષ રેકર્ડ

પર વાજબી રીતે પુરો પાડી શકેલ નથી. આમ, આ આવશ્યક તત્વો સ્થાપિત થયેલ ન હોવાથી સદરહુ કલમો હેઠળના આરોપો સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે.

(૧૯) ઉપરોકત ચર્ચા મુજબ આરોપીઓ સામેના આક્ષેપો નિ:શંક પણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ નિવડેલ ન હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) આથી, સદર ચુકાદાના મથાળે આરોપીઓની વિગતમાં લખ્યા આરોપીઓને તેમની સામેના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ- ૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

(૩) સદરહું કામે આરોપીઓએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા) ના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ-૦૭ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૭/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ01554**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર, જી. દેવભુમિદ્વારકા.**